૨

૫

ગૃહરક્ષક દળના જવાનોને ચૂકવવામાં આવતા ફરજ તેમજ અન્ય ભથ્થાના દર બાબતે સંકલિત સુચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૨૦૧૨/મં-૧/ફ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૮/૯/૨૦૧૫.

વંચાણે લીધાઃ-

(૧) ગૃહ વિભાગનો તા.૧૫.૩.૧૯૮૩નો ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૮૧/૪૦૪૮/ફ
(૨) ગૃહ વિભાગનો તા.૧૩.૧૧.૧૯૮૪નો ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૮૧/૪૦૪૮/ફ
(૩) ગૃહ વિભાગનો તા. ૨૧.૧૨.૧૯૯૬નો ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૯૨/ભા.સ.૧૩૭/ફ
(૪) ગૃહ વિભાગનો તા. ૦૧.૦૯.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૨/ભા.સ. ૫૯/ફ
(૫) ગૃહ વિભાગનો તા. ૦૧.૦૯.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૧/૨૭૩૮/ફ
(૬) ગૃહ વિભાગનો તા. ૧૧.૧૨.૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૨૦૦૨/મં-૧/ફ
(૭) ગૃહ વિભાગનો તા.૨૬.૯.૨૦૧૨ નો ઠરાવ ક્રમાંકઃ હગદ/૧૦૨૦૦૨/મં-૧/ફ
(૮) ગૃહ વિભાગનો તા.૨૬.૯.૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃ હગદ/૧૦૨૦૦૨/મં-૧/ફ

આમુખઃ-

હોમગાર્ડઝ દળ રાજ્ય પોલીસના પૂરક દળ તરીકે કામગીરી બજાવે છે. જેમાં રોજબરોજની કાયદો અને વ્યવસ્થાની જાળવણી, ગુન્હા નિવારણ, ટ્રાફિક નિયમન, સરકારી/જાહેર માલમિલકતની સલામતી, કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં વહીવટી તંત્રને સહાયની કામગીરીમાં હોમગાર્ડ દળ અગત્યનું પુરકદળ બની રહે છે. ગૃહરક્ષક દળના જવાનોને ચુકવવામાં આવતા ફરજ ભથ્થાના દર, તાલીમ સમય, મેસીંગ ભથ્થા, પરેડ ભથ્થા, ગણવેશ તથા ગણવેશ ધોલાઇ ભથ્થાના દર અંગે સંદર્ભમાં દર્શાવેલ ઠરાવો બહાર પાડવામાં આવેલ છે. ગૃહવિભાગ દ્વારા ક્રમ-૧ થી ૮ પર દર્શાવેલ જુદા જુદા ઠરાવો/પત્રથી અપાયેલી સુચનાઓની સમીક્ષા કરી સુધારા સાથેની સુચનાઓ સંકલીત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

આમુખમાં દર્શાવ્યા મુજબ ગૃહરક્ષક દળના જવાનોને ચુકવવામાં આવતા વિવિધ ભથ્થાના દર બાબતમાં રાજ્ય સરકારની પ્રવર્તમાન સુચનાઓની સમીક્ષા કરી સંકલિત સુચનાઓ બહાર પાડવા અંગે કાળજીપૂર્વકની વિચારણાના અંતે ઉપર સંદર્ભ ક્રમાંક(૧) થી (૮) માં દર્શાવેલ ગૃહવિભાગના ઠરાવો/પત્ર આથી રદ્દ કરી તેના સ્થાને નીચે મુજબની સુધારેલ સંકલિત સુચનાઓ આથી બહાર પાડવામાં આવે છે.

| ક્રમ | વિગત | દર |
|---|---|---|
| ૧ | દૈનિક ફરજ ભથ્થું | રૂ.૨૦૦/- (રૂપિયા બસો) |
| ૨ | તાલીમ સમય | તાલીમ દરમ્યાન દૈનિક ફરજ ભથ્થા જેટલી રકમ તાલીમ ભથ્થા તરીકે મળવાપાત્ર થશે. |
| ૩ | મેસીંગ ભથ્થું | દૈનિક રૂ. ૧૦૦/- (રૂપિયા એકસો) |
| ૪ | પરેડ ભથ્થું | અઢી કલાકની પરેડ માટે રૂ.૪૦/- અથવા સભ્યદીઠ દરરોજ તેટલા સમયની બે કે તેથી વધુ પરેડો માટે રૂ.૮૦/-(રૂપિયા એંસી) |
| ૫ | ગણવેશ | દર બે વર્ષે બે જોડી ટેરીકોટન ગણવેશ (૨.૭૫ મીટર અને રૂ.૬૦/- પ્રતિ મીટર લેખે) |
| ૬ | ગણવેશ ધોલાઇ ભથ્થુ | હોમગાર્ડના જવાનો તાલીમ કે ફરજ પર હોય તે સમયગાળા માટે પ્રતિદિન રૂ.૪/- (રૂપિયા ચાર) લેખે |

<u>આ સંકલિત ઠરાવ નીચે પ્રમાણેની નિયત થયેલ સુચનાઓ/શરતોને આધીન રહેશે.</u>

(૧) દરેક યુનિટના એક જ સભ્યને વારંવાર ફરજ પર નહી મોકલતા, દરેક સભ્યનો વારો આવે તે મુજબ ક્રમાનુસાર મોકલવાના રહેશે. દર વર્ષે યુનિટના સભ્યોની યાદી કરી, અનિયમિત સભ્યોના સભ્યપદ રદ્દ કરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૨) ગૃહરક્ષક દળ એક માનદ સંસ્થા હોવાથી તેના સભ્યોની સેવાનો ઉપયોગ ખુબ જ સંયમતાથી કરવાનો રહેશે. જેથી માનદ સંસ્થાની ભાવના જળવાઇ રહે.

(૩) આ ઠરાવથી નક્કી કરેલ ભથ્થા મેળવવાના હેતુસર સંબંધિત જિલ્લાની અંદર જ્યારે જિલ્લા પોલીસ અધિકારી, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ કમિશ્નર તરફથી ગૃહરક્ષક દળના જવાનની સેવાઓ માટે વિનંતી કરવામાં આવે ત્યારે ગૃહરક્ષક દળના જવાનને જે તે જિલ્લાના એક સ્થળેથી બીજા સ્થળે મોકલવાની સત્તા જિલ્લા કમાન્ડન્ટની રહેશે. જ્યારે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ગૃહરક્ષક દળના જવાનોને ફરજ પર મોકલવાના સંજોગો ઉભા થાય ત્યારે કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, દ્વારા આ પ્રકારની મંજુરી આપવાની રહેશે.

(૪) ગુજરાત ગૃહરક્ષક દળ અધિનિયમ-૧૯૪૭ માં સમાવિષ્ટ ન થઇ હોય તેવા પ્રકારની કામગીરી જેવી કે, ધાર્મિક કાર્યક્રમ, મેળા, રાત્રી રોન, રેલ્વે, બસ સ્ટેન્ડ જાહેર હોસ્પિટલ પર સામાન્ય પ્રકારની ફરજો માટે સંસ્થા, કચેરી, પંચાયત કે મંડળ ગૃહરક્ષક દળની સેવાઓની માંગણી કરે ત્યારે તે પેટે ચુકવવા પાત્ર ભથ્થાનો ખર્ચ સબંધિત સંસ્થા કચેરી, પંચાયત કે મંડળ અથવા જેમણે હોમગાર્ડઝની સેવાઓની માંગણી કરી હોય તેમની પાસેથી વસુલ કરવાનો રહેશે.

(૫) ગૃહરક્ષક દળના જવાનોને સામાન્ય સજોગોમાં પ્રતિ માસ દિવસ ૨૨ થી વધારાના સમય માટે ફરજ સોંપવી નહી.

(૬) તાલીમ દરમ્યાન દૈનિક ફરજ ભથ્થા જેટલી રકમ તાલીમ ભથ્થા તરીકે તથા રૂા.૧૦૦/- દૈનિક મેસિંગ એલાઉન્સ મળવાપાત્ર હોઇ. ભુતકાળમાં તાલીમ દરમ્યાન તાલીમ ભથ્થા પેટે ચુકવવામાં આવતા રૂા.૫૫/- ગૃહરક્ષક દળના જવાનોને મળવાપાત્ર રહેશે નહી.

(૭) ગૃહરક્ષક દળના જવાનોને બેઝીક તાલીમ, એડવાન્સ તાલીમ તેમજ લીડરશીપ તાલીમના દિવસો તેમજ તાલીમાર્થીની સંખ્યા ડાયરેકટર જનરલે સ્વ-વિવેક બુધ્ધિ અનુસાર નક્કી કરવાના રહેશે.

૩. આ અંગેનો ખર્ચ પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમો મુજબ ભારત સરકાર પાસેથી મજરે મેળવવાની જવાબદારી કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડ્ઝ, ગુજરાત રાજ્યની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૪૬, મુખ્ય સદર-૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ-૧૦૭(૧) ગૃહરક્ષક દળ હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે વર્ષ માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાનો રહેશે.

૫. ગૃહરક્ષક દળના જવાનોને ચુકવવામાં આવતા ફરજ ભથ્થાના દર, તાલીમ સમય, મેસીંગ ભથ્થા, પરેડ ભથ્થા, ગણવેશ તથા ગણવેશ ધોલાઇ ભથ્થાના દરની ચુકવણીનો અમલ તા.૦૧.૦૯.૨૦૧૨ થી કરવાનો રહેશે.

૬. ગૃહરક્ષક દળના જવાનોને ચુકવવામાં આવતા ફરજ ભથ્થાના દર, તાલીમ સમય, મેસીંગ ભથ્થા, પરેડ ભથ્થા, ગણવેશ તથા ગણવેશ ધોલાઇ ભથ્થાના દરની ચુકવણીનો નિર્ણય આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫.૦૯.૨૦૧૨ અને તા.૨૪.૦૯.૨૦૧૨ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, અમદાવાદ/ઓડીટ-૨, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રી.
- નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, "આર" શાખા, ગૃહ વિભાગ, સચિવાલય. ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.